# 60

**છોટાઉદેપુર જિલ્લામાં કુપોષિત બાળકો**

*15/4/1947 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર): **માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કૂપોષણથી પીડાતા બાળકોની સંખ્યા કેટલી છે, અને | (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કૂપોષિત બાળકોની સંખ્યા આ મુજબ છે. |

| **જિલ્લો** | **તાલુકા** | **કુપોષિત બાળકોની સંખ્યા** |
|---|---|---|
| છોટા ઉદેપુર | છોટા–ઉદેપુર | ૬૩૫૯ |
| | ક્વાંટ | ૩૮૭૪ |
| | નસવાડી | ૨૫૮૭ |
| | પાવી–જેતપુર | ૨૯૯૩ |
| | સંખેડા | ૧૭૨૫ |
| | બોડેલી | ૨૩૫૦ |
| કુલ | | ૧૯૮૮૮ |

| | |
|---|---|
| **(૨)** ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આવા બાળકોમાંથી કૂપોષણ દૂર કરવા સરકારે શાં પગલાં લીધા ? | (૨) ઉક્ત સ્થિતિએ પોષણ સ્તરમાં સુધારો કરવા માટે આ મુજબની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

- આંગણવાડી કેન્દ્રો ખાતે ૩ થી ૬ વર્ષના બાળકોને સવારનો ગરમ નાસ્તો અને બપોરનું ભોજન આપવામાં આવે છે. અઠવાડિયામાં બે દિવસ ફળ આપવામાં આવે છે
- સમગ્ર રાજ્યના તમામ ઘટકમાં ૬ માસથી ૩ વર્ષના બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૭ પેકેટસ, અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૧૦ પેકેટસ અને ૩ થી ૬ વર્ષના અતિ ઓછા વજનવાળા બાળકોને બાલશક્તિના ૫૦૦ ગ્રામનું એક એવા ૪ પેકેટસ આપવામાં આવે છે.

- રાજયના તમામ આંગણવાડી કેન્દ્રોમાં લાભાર્થીઓના પોષણ સ્તરમાં સુધારો લાવવા સત્વ ફોર્ટિફાઈડ  આટો, ફોર્ટિફાઈડ ચોખા  તેમજ ફોર્ટિફાઈડ તેલ પુરું પાડવામાં આવે છે.
- દૂધ સંજીવની યોજના અંતર્ગત છોટા ઉદેપુર જિલ્લાના બોડેલી, જેતપુરપાવી,  છોટા ઉદેપુર, ક્વાંટ અને નસવાડી તાલુકાઓનાં આંગણવાડી કેન્દ્રોમાં આવતા ૬ માસથી ૬ વર્ષના બાળકોને અઠવાડીયામાં ૫ દિવસ ૧૦૦ મિલી. પેશ્ચુરાઈઝડ ફોર્ટીફાઇડ ફલેવર્ડ દૂધ આપવામાં આવે છે.

------------------------------------------